| GJBK010008332026 | રજુ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
|---|---|---|---|---|
| | નોંધ્યા તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| | ફેસલ તારીખ | **૧૩/૦૩/૨૦૨૬** | | |
| | ડ્યુરેશન | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૦૭ |

**બનાસકાંઠા જિલ્લાના મહેરબાન બીજા એડીશનલ સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટમાં,**
**મુકામ : પાલનપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજ નંબર : ૨૪૯/૨૦૨૬**

**આંક.**

**<u>અરજદાર</u>** : **યાસીનભાઈ વજીરભાઈ બંગલાવાલા**
ઉ.વ. ૫૮, ધંધો – વેપાર,
રહે. કાણોસર, તા. પાલનપુર,
જિ. બનાસકાંઠા.

<u>વિરૂધ્ધ</u>

**<u>સામાવાળા</u>** : **શ્રી સરકાર**

**<u>ગુન્હો</u>** : છાપી પો.સ્ટે. ગુન્હા રજીસ્ટર નં. ७४/૨૦૧૯, ઈ.પી. કોડની કલમ– ૧૪૩,૧૪૭,૩૦૮,૧૫૨, ૧૫૩, ૧૨૦–બી, ૩૩૬,૩૫૩,૪૨૭,૫૦૬(૨),૩૪૧,૩૯૫ તથા સાર્વજનિક મિલ્કતોનું નુકસાન અટકાવવાના અધિનિયમની કલમ–૩ મુજબ.

**<u>અરજ</u>** : ક્રિમિનલ પર. અરજ નં. ૨૦૮/૨૦૨૦ ની જામીન અરજી મંજુર કમરવાના હુકમમાં ફરમાવેલ શરત નં. ૨ અને શરત નં. ૩ માં ફેરફાર કરી ધંધાર્થે ભારત બહાર જવા પરવાનગી આપવા બાબત.

અરજદાર તરફે વિ. વકીલ શ્રી એન.ડી. ચૌહાણ
સામાવાળા તરફે વિ. એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયા

**–:: <u>ચુકા દો</u> ::–**

૧. અરજદારે છાપી પો.સ્ટે. ગુન્હા રજીસ્ટર નં. ७४/૨૦૧૯, ઈ.પી. કોડની કલમ– ૧૪૩,૧૪૭,૩૦૮,૧૫૨,૧૫૩,૧૨૦–બી, ૩૩૬, ૩૫૩,૪૨૭,૫૦૬(૨),૩૪૧,૩૯૫ તથા સાર્વજનિક મિલ્કતોનું

નુકસાન અટકાવવાના અધિનિયમની કલમ–૩ ના કામે જામીન ઉપર મુકત થવા માટે ક્રિમિ.પર અરજ નં. ૨૦૮/૨૦૨૦ થી અરજી કરેલ, જે અરજી મંજુર કરવામાં આવેલ અને તેમાં ફરમાવવામાં આવેલ શરત નં. ૨ મુજબ અરજદાર/આરોપીએ આ અદાલતની પુર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી તેમજ શરત નં. ૩ મુજબ અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો, દિન–૭ માં ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ન ધરાવતા હોયતો તે મલતબનું સોગંદનામું રજુ કરવું, અને તે મુજબ અરજદારે પોતાનો પાસપોર્ટ અત્રેની કોર્ટમાં જમા કરાવેલ છે. અરજદાર વેપારી છે અને બિઝનેશ એલાલિસ્ટ તરીકે કામ કરે છે અને તેમને વાહનના તમામ પ્રકારના પાર્ટસ બનાવનાર ફેમસ મોટર્સ અને ઈવી સ્કુટર બનાવતીકંપની શ્રી જલારામ ઈવી એલ.એલ.પી. જેમની કાણોદર અને છાપીસ મુકામે ફેકટરી ચાલુ છે જેના તેઓ બિઝનેશહ એડવાઈઝર છે. વર્તમાનમાં ચીનમાં ૧૩૯ મો કેન્ટોન ફેર ૧૫ એપ્રિલ ૨૦૨૬ થી ૫ મે ૨૦૨૬ સુધી યોજવાનો છે, જેમાં વિવિધ પ્રોડક રીલેટેડ સ્ટોલ હોય છે, જેમાં તેમની કંપનીના પ્રતિનિધિ તરીકે અરજદારને જવાનું હોય, તે ઉપરાંત સાઉથ એશિયન દેશો જેવા કે થાઈલેન્ડ, મલેશિયા, ઈન્ડોનેશિયા, વિયેતનામ તેમજ ઓસ્ટ્રોલિયા અને વેસ્ટ આફ્રિકન દેશો એન્ગોલા ઘાના અને સિયેરા લીઓન અને દક્ષિણ અમેરીકાના ચીલે દેશમાં પ્રોડકટ એકસપોર્ટ કરવા માટે આસાન અને ઉજ્જવળ તકો રહેલી છે. ઉપરોકત દેશેમાં સર્વે કરીને અને ડિસ્ટ્રીબ્યુશન નેવર્ક ગોઠવવા માટે તેમની નિમણૂંક કરેલ હોય, જે કામગીરી માટે અરજદારને ઉપયુકત દેશોમાં વારંવાર મુલાકાત કરવી પડે તેમ છે અને તે માટે ટિકિટ અને વીઝા પ્રોસેસ માટે પાસપોર્ટ જમા કરાવવો પડે તેમ હોય, તેમજ તેમનો પાસપોર્ટ તા. ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ એકસપાયર્ડ થતો હોઇ તેને રીન્યુ પણ

કરાવવાનો હોઇ, સદરહું પાસપોર્ટ તેમને પરત કરવા તેમજ ભારત દેશની હદ છોડવાની પરવાનગી આપવા અરજ કરેલ છે.

૨. સામાવાળા વિ. એડી.પી.પી.શ્રી ડી.એચ. છાપીયા હાજર થયેલ છે.

૩. અરજદાર તરફે વિ. વકીલ શ્રી એન.ડી. ચૌહાણ એ તેમની અરજીમાં જણાવ્યા મુજબની રજુઆત કરેલ છ અને અરજદારને બિઝનેશ એડવાઇઝર તરીકે બહારના દેશોમાં જવાનું હોય અને તે માટે પાસપોર્ટની જરૂરીયાત હોય ભારત દેશની હદ છોડવા તેમજ પાસપોર્ટ પરત આપવા રજુઆત કરેલ છે .

૪. સામાવાળા તરફ વિ.એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયાએ રજુઆત કરેલ છે કે, અરજદાર સામે ગંભીર પ્રકારના દેશ વિરૂધ્ધના ગુનાનો આક્ષેપ છે, તેમજ અરજદારને પાસપોર્ટ પરત આપવામાં આવશે તો કોઇ મોટો દેશ વિરોધી ગુનો કરી ભારત દેશ છોડી બહાર જતા રહે તેમ હોય, અરજદારની અરજી નામંજુંર કરવા રજુઆત કરેલ છે.

૫. પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળ્યા, અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લીધો.

૬. રેકર્ડ વંચાણે લેતાં જણાય આવે છે કે, અરજદારે અત્રેની કોર્ટના નામદાર પ્રિન્સીપાલ સેશનસ જજશ્રીએ ક્રિમિ.પર. અરજ નં. ૨૦૮/ ૨૦૨૦ ના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરેલ, જેની શરત નં. ૨ મુજબ અરજદારે અત્રેની કોર્ટની પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી અને શરત નં. ૩ મુજબ અરજદાર પાસપોર્ટ ધરાવતા હોય તો દિન–૭ માં ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવો, અને જો પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે મતલબનું સોગંદનામું રજુ

કરવું. અને તે મુજબ અરજદારે તેમનો પાસપોર્ટ અત્રેની સેશન્સ કોર્ટમાં જમા કરાવેલ છે. અરજદારે અગાઉ ક્રિમી. પર અજ નં. ૧૬૦/૨૦૨૨, ૯૫/૨૦૨૩, ૫૧૪/૨૦૨૩ તથા ૧૦૮/૨૦૨૪ ની અરજીઓ અત્રેની કોર્ટમાં કરેલ અને જે અરજીઓ મંજુર થતાં તેઓ પાસપોર્ટ પરત મેળવી વિદેશ જઇ આવેલ છે અને ત્યારબાદ તેમનો પાસપોર્ટ જમા કરાવેલ છે. ઉપરોકત નંબર વાળી અરજીઓના હુકમની નકલો આ કામે રજુ રાખેલ છે. જયારે ત્યાર બાદ અરજદાર તરફે અત્રેની કોર્ટમાં ક્રિમિનલ પર. અરજ નાં. ૭૯૪/૨૦૨૪ થી પાસપોર્ટ પરત મેળવવા અને ભારત દેશની હદ છોડવાની પરવાનગી મેળવવા માટેની અરજી કરેલી, જે અત્રેની કોર્ટે તા.૧/૦૮/૨૦૨૪ ના રોજ નામંજુર કરેલ છે, જે સદર અરજી નામંજુર કરવાના કારણમાં મજકુર ગુનાની તપાસ પુર્ણ થતાં જેની ચાર્જશીટ ક્રિમિનલ કેસથી રજીસ્ટર થયેલ છે પરંતુ ચોકકસ કયા નંબરથી રજીસ્ટર્ડ થયેલ છે તે અંગે કોઇ માહિતી અરજદાર તરફથી જણાવેલ નથી તેમજ અરજદાર બીઝનેસ એનાલીસ્ટ તરીકે હોવાનું જણાવેલ છે પરંતું તેઓ તે સંદર્ભેની કોઇ ડીગ્રી ધરાવતા હોવા બાબતે કોઇ આધાર પુરાવો રજુ કરેલ નથી અને અગાઉ જે અરજીઓમાં પાસપોર્ટ પરત મેળવવા સબબના જે કારણો દર્શાવાયેલા તે એક સમાન જ રહેલા હોવાના કારણસર અરજદારની ક્રિમીનલ પર. અરજ નં. ૭૯૪/૨૦૨૪ ની અરજી તા. ૧/૦૮/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે ત્યારે સદર હુકમ ઉપર અરજારે નામદાર હાઇકોર્ટમાં જવુ પડે, પરંતુ અરજદારે ફરીથી તેજ કારણસર અત્રેની કોર્ટમાં હાલની અરજી કરેલ છે. વધુમાં, અરજદારે જે અરજીઓના હુકમની નકલો રજુ કરેલ છે તેમાં ક્રિમી.પર.અરજ નં. ૭૯૪/૨૦૨૪ ના હુકમની કોઇ નકલ રજુ કરેલ નથી અને માત્ર ડી–લીસ્ટમાં પાછળ ૧૨ નંબરમાં પેનથી ક્રિમિ.પર.અરજ નં.૭૯૪/૨૦૨૪ ના હુકમની નકલ એ રીતે લખી દીધેલ છે પરંતું તેવા કોઇ હુકમની નકલ

આ કામે રેકર્ડ જોતાં રજુ થયેલ નથી. આમ, અરજદાર કોર્ટને અંધારામાં રાખી અગાઉ તેમની આજ કારણસરની પાસપોર્ટ પરત મેળવવા માટેની અરજી અત્રેની કોર્ટે નામંજુર કરેલ હોવા છતાં , ફરીથી હાલની અરજી તેજ કારણસર દાખલ કરેલ હોય, અરજદારની અરજી ટકવાપાત્ર જણાતી નથી.

૭. વધુમાં, અરજદાર/આરોપી યાસીનભાઇ વજીરભાઇબંગલાવાલા સામે છાપી પો.સ્ટે. ગુ.ર.નં.૭૪/૨૦૧૯ ના ગુન્હા સિવાય છાપી પો.સ્ટે. ગુ.ર.નં. ૭૪/૨૦૧૯, તેમજ પાટણ સીટી બી ડિવીઝન પો.સ્ટે. ના અન્ય બે ગુન્હાઓ નોંધાયેલા છે. વધુમાં, અરજદાર સામેનો હાલનો ગુનો જોવામાં આવે તો, તેઓ પોતે તથા ત્રણ હજાર અજાણ્યા માણસોએ અસ્ફાક ઉલ્લાખાન અને બિસ્મિલ્લાહની શહાદત દિન નિમિત્તે સભાનું આયોજન કરવાના બહાના હેઠળ પુર્વ આયોજીત કાવત્રુ રચી, સભાની મંજુરી માંગેલ અને મંજુરી રદ થયેલ હોવા છતાં ભારત સરકારના સી.એ.બી. તથા સી.એ.એ. બિલનો વિરોધ કરવા સારૂ પુર્વ આયોજીત કાવત્રુ કરી, ગેરકાયદેસર મંડળી રચી, પોતાના હાથોમાં સરકારશ્રીના ઉપરોકત બીલના વિરોધના બેનરો ધારણ કરી, સરકારી વાહનો તથા એસ.ટી. બસો ઉપર પથ્થરમારો કરી, કાચ તોડી નુકસાન કરી, પોલીસની ગાડીમાં પોલીસના માણસો બેઠેલહોઇ તે ગાડી પલ્ટી ખાઇ જશે તો પોલીસના માણસોનું મૃત્યું પણ થઇ શકે છે તેવું જાણતા હોવા છતાં પોલીસની જીપને જોર જોરથી ઝોલા ખવડાવી ઉથલાવવાનો પ્રયત્ન કરી, પોલીસની કાયદેસરની ફરજમાં અડચણ કરી, છાપી પો.સ્ટે.ના સરકારી વાહનના ડ્રાઇવરને જાનથી મારી નાંખવાની ધમકીઆપી, રોડ ઉપર ચકકાજામ કરી, જાહેર જીવનને અવરોધ કરી એસ.ટી. બસની ચાવી બળજબરીથી કાઢી લઇ લુંટ કરી ભારત દેશ વિરૂધ્ધનો ગંભીર પ્રકારનો ગુનો આચરેલ હોવાનો આક્ષેપ છે. આમ,

અરજદાર /આરોપી ભારત દેશ વિરૂધ્ધના ગુનાઓ કરવાની ટેવ વાળા છે અને ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. અરજદારે તેમની અરજીમાં તેઓની સામે અન્ય બીજા પણ ગુનાઓ નોંધાયેલ છે તે બાબતે કોઇ ઉલ્લેખ કરેલ નથી અને કોર્ટથી સત્ય હકીકત છુપાવેલ છે. પાસપોર્ટના નિયમો મુજબ જયારે અદાલતોમાં કોઇ ફોજદારી ગુનાઓ પેન્ડીંગ હોય ત્યારે જે તે કોર્ટની પરવાનગી પાસપોર્ટ રીન્યુ કરાવવા માટે કે નવો પાસપોર્ટ કઢાવવા માટે કે વિદેશ જવા માટે લેવી ફરજીયાત છે. હાલના કામમાં અરજદારે હાલના ગુના સિવાયના અન્ય ત્રણ ગુનાઓમાં કોઇ પાસપોર્ટની પરવાનગી માગેલ છે કે કેમ ? તેવી કોઇ હકીકત જણાવેલ નથી . આમ, અરજદાર વિરૂધ્ધના આક્ષેપિત ગુનાઓ જોતાં તે ખુબજ ભારે ગુનાઓનો આક્ષેપ છે, જે હળવાસથી લઇ શકાય તેમ નથી. આમ અરજદારની અગાઉ અરજી અત્રેની કોર્ટ ધ્વારા જ નામંજુર કરવામાં આવેલ હોવા છતાં અરજદારે ફરીથી અત્રેની કોર્ટમાં અરજી કરેલ હોય, હાલની અરજી ટકવાપાત્ર ન હોય, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**૧.** અરજદારની હાલની અરજી આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપીએ સત્ય હકીકત કોર્ટ સમક્ષ છુપાવી અરજી કરેલ હોય, અરજદારે રૂા, ૫,૦૦૦/- (અંક રૂપીયા પાંચ હજાર પુરા કોસ્ટ તરીકે ડી.એલ.એસ.એ. માં દિન-૩૦ માં જમા કરાવવા, અને જો અરજદાર કોસ્ટની રકમ જમા ન કરાવે તો ડી.એલી.એસ.એ. એ અરજદાર પાસેથી સદરહું રકમ દંડ તરીકે વસુલ કરવી.

બીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર

– હુકમની એક નકલ ડી.એલ.એસ.એ. પાલનપુરને મોકલી આપવી.

આજ તાી ૧૩ ની માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

પાલનપુર
તા. ૧૩/૦૩/૨૦૨૬

(અમિત જે. કાનાણી)
બીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં.જી.જે.૦૦૬૬૨)

**/raval/**

બીજા એડી. સેશન્સ જજ,
પાલનપુર